CRMA No. 31/2026

**આંક–૧ તળે હુકમ**

(૧) અરજદારની અરજી વંચાણે લીધી,અરજીની સાથે રજુ થયેલ દસતાવેજી પુરાવા ધ્યાને લીધા.

(૨) અરજદારની મુદામાલં અરજીની ટુકમા હકીકત એવી છે કે, અમો અરજદારના એકસીસ બેન્કના ખાતા નંબર–૯૨૪૦૧૦૦૫૫૦૪૫૧૪૬ તથા સ્ટેટ બેંક ઓફ ઈનડીયાના ખાતા નંબર–૩૦૪૩૫૯૭૪૬૧૩ ના ખાતામાથી અલગ–અલગ તારીખે કુલ રૂ ૨૧,૫૦૦/– (અંકે રૂપિયા એકવીસ હજાર પાંચસો) ઓનલાઈન રીલેટેડ ફ્રોડ થયેલ અને તે ફ્રોડ મતલબની અમોએ નેશનલ સાયબર ક્રાઈમ રીપોટીગ પોર્ટમા ઓનલાઈન ફરીયાદ તા ૧૦/૦૩/૨૦૨૬ ના રોજ કરતા ઓનલાઈન ફાઈનાન્સિયલ ફ્રોડ એકનોલેજમેન્ટ નંબર–૩૧૧૦૩૨૬૦૦૫૪૬૦૭ થી અમારી ફરીયાદ દાખલ થયેલ જે કામે અમારી માલીકીના નાણા ચોરી નીચેની કસ્ટડીમા લેવામા આવેલા હોય તેથી સદર નાણા/મુદામાલ પરત મેળવવા માટે હાલની અરજી કરવામા આવેલ છે.

| અ.નં | બેંક/એકાઉન્ટ નંબર | રકમ |
|---|---|---|
| ૧ | બંધન બેંક | ૨૦૦૦/– |
| ૨ | બંધન બેંક | ૯,૭૫૦/– |
| ૩ | બંધન બેંક | ૯,૭૫૦/– |
| | કુલ રકમ | ૨૧,૫૦૦/– |

અમો અરજદાર ઓનલાઈન સાયબર ક્રાઈમમા ફરીયાદ દાખલ કરતા ઉપરોકત વીગતે થી કુલ રૂ ૨૧,૫૦૦/– નાણા કસ્ટડીમા લેવામા આવેલ હોય તેથી હાલની અરજી કરવામા આવેલ છે.

(૩)  વધુમા નામદાર કોર્ટે દવારા લેખિત અભિપ્રાય તથા જરૂરી દસ્તાવેજો રજુ કરવા જણાવેલ. ત્યારબાદ પોલીસ દવારા મુદામાલ અભિપ્રાય મોકલવામા આવેલ અને તેમા જણાવેલ કે, અરજદાર ઈબ્રાહીમ ઈસ્માઈલ દવારા ફ્રોડ થયાની અરજી મળેલ જે અરજીના આધારે અરજદારને ટીકીટ નંબર–૩૧૧૦૩૨૬૦૦૫૪૬૦૭ આપવામા આવેલી જેથી તપાસ કરતા સામાવાળા ના જુદા જુદા બેંક ખાતામા શંકાસ્પદ રકમ જમા થયેલ માલુમ પડેલ છે, સ્ટેટ સાયબર ક્રાઈમ સેલ. સી.આઈ.ડી. ક્રાઈમ ગાંધીનગર દવારા સીઝ કરાવતા અરજદારના ગયેલ રૂ ૨૧,૫૦૦/– શકમંદ વ્યકિત ઓના ખાતાામા પડેલા છે જે બેંક એકાઉન્ટ વિરૂધ્ધ દેશના જુદા જુદા રાજયોમાથી અન્ય અરજદારો દવારા પણ ફરીયાદ દાખલ કરાવેલ હોય.આ બેંક એકાઉનટનો વિરૂધ્ધ દેશની અન્ય નામદાર કોર્ટે તરફથી થયેલ હુકમ આધારે સબંધિત બેંક તરફથી રકમ ટ્રાન્સફર થવાની શકયતાઓ રહેલી છે જેથી બેલેન્સમા ઘટાડો થવાની શકયતાઓ રહેલી છે જે બાબતે સદરહુ ખાતુ સીઝ કર્યો બાદ શંકાસ્પદ બેંક ખાતાધારકોને વાલીયા પોલીસ સટેશનથી બેંક મારફતે ઈમેઈલ કરી દીન –૭ મા કોઈ રજુંઆત હોય તો અત્રેના પોલીસ સ્ટેશન મા સંપર્ક કરવા જણાવેલ હોવા છતા ખાતેદાર કે અન્ય કોઈ વ્યકિત એ ખાતુ સીઝ કર્યો બાબત અમારા સમક્ષ (પોલીસ) કોઈ વાંધા તકરાર જણાવેલ નથી જેથી નીતે જણાવેલ એકાઉન્ટમા સીઝ કામે મળેલ અરજી ના મુદામાલ રકમ છે જેની વીગત નીચે કોષ્ટકમા જણાવેલ છે જેની આપ સાહેબ શ્રી ને જાણ કરીએ છીએ જેની નોધ લેવા વીનંતી જે અરજદારને પરત આપવાનો અભિપ્રાય આપેલ છે.

| અ.નં | બેંકાનો નામ | એકાઉનટ નંબર | આઈ.એફ.સી.કોડ | રકમ |
|---|---|---|---|---|
| ૧ | બંધન બેંક | ૫૦૨૧૦૦૨૮૩૦૪૮૦૨ | BDBLOOO2352 | ૨૦૦૦/– |
| ૨ | બંધન બેંક | ૫૦૨૧૦૦૨૮૩૦૪૮૦૨ | BDBLOOO2352 | ૯,૭૫૦/– |
| ૩ | બંધન બેંક | ૫૦૨૧૦૦૨૮૩૦૪૮૦૨ | BDBLOOO2352 | ૯,૭૫૦/– |
| | કુલ રકમ | | | ૨૧,૫૦૦/– |

(૪) સમગ્ર રેકર્ડ ની ચકાસણી કરતા,આ કામના અરજદારના ખાતા માથી જુદી જુદી તારીખે કુલ રકમ રૂ ૨૧,૫૦૦/– સામાવાળા ના બંધન બેંક, ખાતા નંબર–૫૦૨૧૦૦૨૮૩૦૪૮૦૨ મા ટ્રાન્સફર થયેલ છેઅને તે બાબતે તેઓની કાનુની કાર્યવાહી કરતા ખાતામા રહેલ રકમ રૂ ૨૧,૫૦૦/– ફ્રીઝ કરેલ છે.અને ફ્રીઝ રકમ બાબતે વાલીયા પોલીસે સામાવાળા બેંકના ખાતાધારક નાઓને ઈમેઈલ આપતા તેઓ હાજર રહેલ નથી જેથી હાલના તબકકે સદરહુ રકમ અરજદારના ખાતા માથી સામાવાળના **બંધન બેંક, ખાતા નંબર–૫૦૨૧૦૦૨૮૩૦૪૮૦૨** મા ગયેલ હોય અને હાલના તબકકે અરજદાર ફ્રીઝ થયેલ રકમ રૂ ૨૧,૫૦૦/– ના બેસ્ટ કલેઈમેટ હોય જેથી આ રકમ અરજદાર ઈબ્રાહીમ ઈસ્માઈલ વડીયા ,રહે–સીલુડી, તા–વાલીયા,જી–ભરૂચનાઓને આપવા ઉચિત જણાય છે.

(૫) ઉપરોકત હકીકત તથા કેસનુ રેકર્ડ તેમજ અખા કામના અરજદારનાઓ દવારા આ અરજી સાથે રજુ કરેલ નામદાર સર્વોચ્ચ અદાલતના સુંદરલાલ અંબાલાલ દેસાઈના ચુકાદાને માનસહ વંચાણે લેતા અરજદાર જ બેસ્ટ કલેઈમેટ હોય જેથી તેઓને ફ્રીઝ કરેલ રકમ આવપ ઉચિત જણાય આવે છે, જેથી ન્યાય ના હીતમા નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

**:: હુકમ::**

અરજદાર ઈબ્રાહીમ ઈસ્માઈલ વડીયા,રહે–સીલુડી,તા–વાલીયા,જી–ભરૂચ નાઓને મુદામાલ ફ્રિઝ કરેલ રકમ રૂ ૨૧,૫૦૦/– (અંકે રૂપિયા એકવીસ હજાર પાંચસો) ને **બંધન બેંક, ખાતા નંબર–૫૦૨૧૦૦૨૮૩૦૪૮૦૨** માથી **બેંક ઓફ બરોડા ના ખાતા નંબર–૫૩૯૮૦૧૦૦૦૦૦૦૬૬, આઈ.એફ.સી. કોડ નંબર–BARBOSILUDI મા પરત કરવાનો હુકમ કરવામા આવે છે.**

**શરતો**

(૧) અરજદારે મુદામાલ નામદાર કોર્ટે અગર પોલીસ જયારે અને જયાં ફરમાવે ત્યાં અચુક હાજર

કરવાનુ રહેશે.

(૨) જો ઉપરોકત બેંક ખાતાધારક અથવા અન્ય વ્યકિત જપ્ત કરાયેલ ઉપરોકત રકમ અંગે પોતાનો હકક અથવા દાવો રજુ કરે અને તે દાવાને પુરાવા દવારા સાબિત કરે, તો તેવી પરિસ્થિતિમા અરજદાર તે રકમ સંબધિત હકદાર વ્યકિતને અથવા કોર્ટ ના આદેશ મુજબ પરત આપવા માટે બંધાયેલ રહેશે.

(૩) આ હુકમની એક નકલ અમલવારી માટે સબંધીત પોલીસ સ્ટેશને મોકલવી અને હુકમનુ પાલન કરી દીન ૧૦ મા અત્રેની કોર્ટને રીપોર્ટ કરવી.

**આ હુકમ આજ રોજ તા ૦૪ મી માહે: જુલાઈ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલત, મા વાંભી સંભળાવી જાહેર કર્યો.**

**તા ૦૪/૦૭/૨૦૨૬**
**વાલીયા**

**(એ.એમ.સોની)**
**પ્રિન્સીપાલ સિવીલ જજ હો**
**જ્યુંડીશીયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ,**
**વાલીયા**